# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.


પ્રતિ,

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

તા. ૨૬/૧૧/૨૦૧૭

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)
મીડિયા કન્વીનર, સુરત

૧૬૪–ઉધના વિધાનસભામાં મુખ્ય ચૂંટણી કાર્યાલય ખાતે વિશાળ સ્ક્રીન પર મહાનગરના મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાની અધ્યક્ષતામાં ઉમેદવાર શ્રી વિવેકભાઈ પટેલ, વિધાનસભાના ઈન્ચાર્જ શ્રી હસમુખભાઈ પટેલ, કન્વીનર શ્રી છોટુભાઈ પાટીલ, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રમુખ/મહામંત્રીશ્રીઓ તેમજ સંગઠનના પદાધિકારીશ્રીઓની હાજરીમાં આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો અતિ લોકપ્રિય રેડીયો પ્રસારીત "મન કી બાત"નો કાર્યક્રમ નિહાળ્યો.

આ કાર્યક્રમના અંતે પછી "ચાય પે ચર્ચા"નો પણ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં મોદી સાહેબે મન કી બાતમાં કહેલ આજના દિવસને "સંવિધાન દિવસ" તરીકે ઉજવણી કરવા ચોથી ડીસેમ્બરને "નેવી દિવસ" તરીકે તથા ૭ ડીસેમ્બરને રોજ "આર્મ ફોર્સ ફલેગ ડે" તરીકે મનાવવાની જાહેરાત કરી હતી.

આજના દિને ૯ વર્ષ પહેલા મુંબઈના આતંકી હુમલામાં માર્યા ગયેલા નાગરીકો વિશે વ્યથા વ્યક્ત કરી હતી.

આપણા "નેવી દિવસ"ના સંદર્ભમાં બોલતા તેઓએ કહ્યું કે પડોશી દેશોમાં જ્યારે આફતો આવતી હોય છે ત્યારે ત્યારે આપણી નેવી સતત તૈયાર રહી રાહત

કાર્યમાં સેવા આપવા પહોંચી જાય છે. જેમ કે ફીજી ટાપુઓમાં પણ ભારતીય નેવીએ ઉત્તમ કાર્ય કર્યુ હતું.

હાલની અને ભવિષ્યની મુખ્ય સમસ્યાઓ ગ્લોબલ વોર્મિંગ તેમજ કલાઈમેટ ચેઈંજ વિશે પણ ચિંતા વ્યક્ત કરી હતી.

ખેલકૂદ બાબતે પણ હિંદુસ્તાન પહેલા કરતા વધુ સક્રીયતા બતાવવા લાગ્યું છે જેમાં ગુજરાતના જીગર ઠક્કર કે જે ફિઝીકલ હેન્ડીકેપ હોવા છતા સ્વીમીંગમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા અને દેશના આવા નાગરીકોને મોટીવેટ કર્યા હતા.

કાર્યક્રમના અંતે તેઓએ વડીલો દ્વારા કહેવાયેલ ઉક્તિ "દુ:ખને ભુલો અને સુખને ભુલવા ન દો"ને ધ્યાનમાં રાખી વર્ષ ૨૦૧૮માં શુભ સ્મરણો સાથે પ્રવેશ કરો તેમજ ૫–૧૦ સારી પોઝીટીવ વાતો માટે યોગદાન આપો. એવી ભારતના નાગરીકોને ટહેલ કરી હતી જેમાં દેશહીતની વાર્તા, ફોટો, વિડીયો વિગેરે નરેન્દ્ર મોદી એપ પર અથવા #positiveindia પર શેર કરવા નાગરીકોને સૂચન કરેલ હતું.

૧૬૫–મજુરા વિધાનસભાના વોર્ડ નં. ૧૮,૧૯,૨૨ પેટા કાર્યાલયનું ઉદ્‌ઘાટન અને "મન કી બાત" તથા "ચાય પે ચર્ચા"ના કાર્યક્રમમાં કેન્દ્રિય પ્રધાનમંત્રી શ્રી ધર્મેન્દ્રજી પ્રધાન, ઉમેદવાર શ્રી હર્ષભાઈ સંઘવી, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, વિધાનસભાના ઈન્ચાર્જ, સહ ઈન્ચાર્જશ્રીઓ, સોસાયટીના પ્રમુખશ્રી સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

કેન્દ્રિય પ્રધાન શ્રી ધર્મેન્દ્રજી પ્રધાને કાર્યાલર્યનું ઉદ્‌ઘાટન કરી સહુ કાર્યકર્તાઓને કહ્યું કે સહુથી યુવા ધારાસભ્ય શ્રી હર્ષભાઈ સંઘવી માટે વિશેષ કાંઈ કહેવાનું જ ન હોય આ તમારી વિશાળ હાજરી જ પુરવાર કરે છે કે અહિંની જીત ફક્ત ગુજરાતમાં પહેલા નંબરની લીડ મેળવે એવી શુભેચ્છા આપી પછી "મન કી બાત" કાર્યક્રમ નિહાળવા બેઠા હતા.